આજે યોગ દિવસ : પ્રવચન, નવગ્રહ નમસ્કાર અને સાંસ્કૃતિક કાર્યક્રમથી ઉજવણી

યોગનિકેતન સંસ્થા દ્વારા યોગ દિવસ સાથે સંગીત દિવસની પણ વિશેષ ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.20
વડોદરા શહેરની પારંપરિક યોગશિક્ષણ અને સંગીત શિક્ષણ ક્ષેત્રે કાર્યરત પ્રતિષ્ઠિત યોગનિકેતન સંસ્થા દર વર્ષે ૨૧ જૂનના આંતર્રાષ્ટ્રીય દિવસની ઉજવણી નિમિત્તે શૃંખલાબદ્ધ કાર્યક્રમો યોજતી આવી છે. ચાલુ વર્ષે તા. ૭ જૂનના રોજ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત વિષયના અધ્યાપક તેમજ વેદાન્ત અને ન્યાયશાસ્ત્રના પ્રખર પંડિત શ્રી રિધમ પંડ્યા દ્વારા સવારે ૭ થી ૮.૩૦ દરમિયાન પિંગળ ગીતા અને અનુગીતા અંતર્ગત ચતુર્વિધ પુરૂષાર્થ વિષય પર અને ત્યારબાદ તા. ૧૪ જૂનના રોજ સવારેમહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઓરિએન્ટલ યુનિવર્સિટીના સહાયક શ્રી નંદકુમાર મિશ્ર દ્વારા શ્રીમદ્ ભાગવત પુરાણ અંતર્ગત "અજામિલ ઉપાખ્યાન" ગોઠવવામાં આવ્યું હતું. આ બન્ને પ્રવચનોનો સંસ્થાના અનેક સાધકો અને શિક્ષકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત તા. ૨૦ જૂનના રોજ સવારે બ્રાહ્મમૂહુર્તથી શરૂ કરીને સૂર્યોદય સુધીના બે કલાકના સમય દરમિયાન ૧૬૦ જેટલા સાધકો દ્વારા સૂર્યમંડળના દરેક ગ્રહ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ઉદ્દેશથી આશરે બે કલાક સુધી 'નવગ્રહ નમસ્કાર'ના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં શનિવાર તા. ૨૦ જૂનની સંધ્યાએ સંસ્થાના શિક્ષકો અને સાધકો દ્વારા ગીતો, અભિનય, નૃત્ય, યોગઆધારિત "યોગ દ્વારા સ્વસ્થ વાર્ધક્ય"ના ચાલુ વર્ષના વૈશ્વિક સંદેશના સામાજિક પ્રસારણ માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૧મી જૂન અને રવિવારના આંતર્રાષ્ટ્રીય યોગદિવસ નિમિત્તે સંસ્થા સવારે ૫.૫૦ થી ૬.૫૦ દરમિયાન સંસ્થાના સાધકો અને શિક્ષકો દ્વારા સૂક્ષ્મક્રિયાઓ, આસનો, પ્રાણાયામ, ધ્યાન અને ૐકાર મંત્રજપ કરવામાં આવશે. ૨૧ જૂન સમગ્ર વિશ્વમાં સંગીત દિન તરીકે પણ ઊજવવામાં આવે છે, જે નિમિત્તે સંસ્થાના સંગીત વિભાગ દ્વારા સાંજે ૫ વાગ્યે શાસ્ત્રીય સંગીત, સુગમ ગીતો, નૃત્ય અને ગરબાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે. સંસ્થાના સર્વે સાધકો, તાલીમાર્થીઓ અને યોગશિક્ષકો આ સમગ્ર કાર્યક્રમોમાં દર વર્ષે ઉત્સાહભેર ભાગ લેતા આવ્યા છે.

બ્રહ્માકુમારી વિજયનગર સેન્ટર ખાતે યોગના મહત્ત્વ વિશે માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20
આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે બ્રહ્માકુમારીજ વિજયનગર સેન્ટર દ્વારા વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગ અને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિનો સંદેશ આપ્યો હતો.
કાર્યક્રમમાં યોગાચાર્ય દુષ્યંતભાઈ મોદીએ અષ્ટાંગ યોગના વિવિધ પાસાઓ અને તેના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય માટેના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. યોગ શિક્ષિકા ભાવનાબેને વિવિધ યોગાસનો કરાવી ઉપસ્થિતોને યોગાભ્યાસ કરાવ્યો હતો.
કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાતી ફિલ્મ અભિનેત્રી રશ્મિકા ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવી અને યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.
બ્રહ્માકુમારીજ વિજયનગર સેન્ટરના સંચાલિકા બીકે પારુલબેને રાજયોગના મહત્વ વિશે સમજાવી આંતરિક શાંતિ, સકારાત્મક વિચારધારા અને આધ્યાત્મિક જીવનના મૂલ્યો અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતે તેમણે સર્વેને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાઈ-બહેનોએ ઉમંગ અને ઉત્સાહ સાથે યોગાભ્યાસમાં ભાગ લઈ સ્વસ્થ અને નિરોગી જીવન જીવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત પબ્લિક સ્કૂલે ભવ્ય આકૃતિ રચી યોગ દિવસની ઉજવણી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.20
સ્વાસ્થ્ય અને એકતાના સંદેશ સાથે - ગુજરાત પબ્લિક સ્કૂલ,છાણીના વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શાનદાર ઉજવણી કરી હતી.
આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, ગુજરાત પબ્લિક સ્કૂલ,છાણીના ધોરણ ૪ અને ૫ ના આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ એકઠા થઈને 'YOGA' શબ્દની એક અદભુત અને ભવ્ય માનવ આકૃતિ (Human Formation) બનાવી હતી. આ રચનાત્મક પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓએ એકતા, શિસ્ત અને સુખાકારીનો સુંદર સંદેશ આપ્યો હતો.
આ વિશેષ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ શારીરિક તંદુરસ્તી, માનસિક શાંતિ અને આંતરિક પ્રસન્નતા માટે યોગના મહત્વને સમજાવવાનો હતો. રોજિંદા જીવનમાં યોગને અપનાવવાથી સ્વાસ્થ્ય પર થતી હકારાત્મક અસરો વિશે પણ આ પ્રસંગે ચર્ચા કરવામાં આવી હતી.
શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ વિદ્યાર્થીઓના આ ઉત્સાહપૂર્વકના પ્રયાસને બિરદાવ્યો હતો અને જણાવ્યું હતું કે, યોગ એ માત્ર કસરત નથી પરંતુ ઉજ્જવળ અને સ્વસ્થ ભવિષ્ય તરફ દોરી જતી જીવનશૈલી છે. આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ભવિષ્યમાં નિયમિત યોગાભ્યાસ કરવાનો સંકલ્પ લીધો હતો.

માર્જિન અને રોડ પર દબાણ કરનાર બે દુકાનો સામે તંત્રની લાલ આંખ

અલકાપુરીના શ્રીમ શાલીની મોલના ગેરકાયદે દબાણ તોડી પાડતી પાલિકા

જેસીબીની મદદથી તોડી પડાયા શેડ અને ઓટલા, પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૦
વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલા શ્રીમ શાલીની મોલમાં વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાએ ગેરકાયદે દબાણો અને નિયમવિરોધી બાંધકામો સામે કાર્યવાહી હાથ ધરી હતી. કોર્પોરેશનની ટીમ જેસીબી અને સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી હતી અને નિયમોનો ભંગ કરીને કરાયેલા બાંધકામો દૂર કર્યા હતા.
મળતી માહિતી મુજબ, મોલમાં આવેલી એક જ્વેલર્સની દુકાનના માલિકે દુકાનની આગળ જાહેર જગ્યામાં આશરે 10 ફૂટનો પાકો ઓટલો બનાવી દબાણ કર્યું હતું. ટાઉન ડેવલપમેન્ટ વિભાગ અને દબાણ શાખાની ટીમે જેસીબીની મદદથી આ ઓટલો તોડી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન વેપારી અને કર્મચારીઓ વચ્ચે બોલાચાલી પણ થઈ હતી, પરંતુ તંત્રએ કાર્યવાહી ચાલુ રાખી હતી.
આ ઉપરાંત મોલમાં આવેલી એક કપડાંની દુકાનના માલિકે બિલ્ડિંગની ફરજિયાત માર્જિનની જગ્યામાં લોખંડ અને સિમેન્ટના પતરાં નાખી બે માળ સુધીનું ગેરકાયદે બાંધકામ ઊભું કર્યું હોવાનું સામે આવ્યું હતું. કોર્પોરેશનની ટીમે આ ગેરકાયદે શેડ અને બાંધકામ પણ દૂર કરીને માર્જિનની જગ્યા ખુલ્લી કરાવી હતી.
કોર્પોરેશનની આ કાર્યવાહીને પગલે મોલના અન્ય વેપારીઓમાં પણ ચિંતા જોવા મળી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અકોટા પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્થળ પર તૈનાત રાખવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં બંને દુકાનોના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

સાંસદ ડૉ. હેમાંગ જોષીના હસ્તે રૂ. ૬૯ લાખથી વધુના સાધનો અપાયા

બેંક ઓફ બરોડાની CSR યોજના હેઠળ ૫૧૨ દિવ્યાંગજનોને સહાયક સાધનોનું વિતરણ

દિવ્યાંગજનોને આત્મ નિર્ભર બનાવવા સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
પ્રધાનમંત્રીના નેતૃત્વના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે વડોદરાના નિઝામપુરા સ્થિત સમાજ સુરક્ષા સંકુલ ખાતે બેંક ઓફ બરોડાની CSR યોજના હેઠળ દિવ્યાંગજનોને નિઃશુલ્ક સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોષીના હસ્તે 512 દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. 69.37 લાખના ખર્ચે કુલ 927 સહાયક સાધનો આપવામાં આવ્યા હતા.
દિવ્યાંગજનોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ALIMCO દ્વારા વિશેષ સર્વે અને નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેના આધારે મોટરાઈઝ્ડ ટ્રાઈસાઈકલ, ટ્રાઈસાઈકલ, વ્હીલચેર, શ્રવણ યંત્ર, બ્રેલ કેન, વોકર, ટી.એલ. એમ. કિટ, એ.ડી.એલ. કિટ, રોલેટર, સ્માર્ટફોન સહિત વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
આ પ્રસંગે ડૉ. હેમાંગ જોષીએ જણાવ્યું હતું કે દિવ્યાંગજનોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા અને તેમને ગૌરવપૂર્ણ જીવન જીવવા સક્ષમ બનાવવું સરકારની પ્રાથમિકતા છે. આવા સહાયક સાધનો તેમના દૈનિક જીવનને વધુ સરળ અને સ્વાવલંબી બનાવવામાં મદદરૂપ બનશે. તેમણે વધુ સમાવેશી અને સંવેદનશીલ સમાજના નિર્માણ માટે સરકાર, સંસ્થાઓ અને સમાજના સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
કાર્યક્રમમાં ધારાસભ્ય કેયુર રોકડિયા, શહેર ભાજપ અધ્યક્ષ જયપ્રકાશ સોની, મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ સહિતના પદાધિકારીઓ, બેંક ઓફ બરોડાના અધિકારીઓ, ALIMCOના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ: ૦૯ કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭
ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: એ-૬, ત્રીજો માળ, સેક્ટર-૪, નોઇડા - ૨૦૧૩૦૧.
સુધારો
આ સંદર્ભ તારીખ ૧૮.૦૬.૨૦૨૬ના રોજ આ અખબારમાં પ્રકાશિત થયેલ ડિમાન્ડ નોટિસની જાહેરાત અંગેનો છે, જેમાં ઉધારકર્તાઓ પઠાણ આરીફખાન અબ્દુલહસન, નાજીશ આરીફખાન પઠાણ (લોન ખાતા નંબર HHFVADHOU25000062179)ની સામે સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતોના વર્ણન હેઠળ પશ્ચિમની સરહદો ભૂલથી ખોટી દર્શાવવામાં આવી હતી, કૃપા કરીને તેને પશ્ચિમઃ અડીને આવેલ સર્વે નંબર તરીકે વાંચવું. બાકીની તમામ વિગતો યથાવત રહેશે.
તારીખ: ૨૧.૦૬.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી
સ્થળ: - વડોદરા હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ વતી

બાજવા વિસ્તારમાં મોટાભાઈનો જ નાનાભાઈ પર ચપ્પુથી હુમલો

જૂના ઝઘડાની બાબતે પૂછપરછ કરતાં ઉશ્કેરાયેલા ભાઈએ ગળા અને કાનના ભાગે ઘા ઝીંક્યા

ઇજાગ્રસ્તને સારવાર માટે ખસેડાતા ૧૮ ટાંકા આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.20
બાજવા વિસ્તારમાં પારિવારિક તકરાર હિંસક સ્વરૂપ ધારણ કરતાં મોટા ભાઈએ પોતાના જ નાના ભાઈ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. જૂના ઝઘડાની બાબતે પૂછપરછ કરતાં ઉશ્કેરાયેલા ભાઈએ ગળા અને કાનના ભાગે ચપ્પાના ઘા ઝીંકતા ઈજાગ્રસ્તને ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર દરમિયાન ગળામાં 15 અને કાન પાસે 3 ટાંકા આવ્યા હતા. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી છે.
બાજવા રેલવે બ્રિજ નીચે રહેતા અને છૂટક મજૂરી કરતા કમલેશભાઈ વિરજીભાઈ મકવાણાએ પોલીસ ફરિયાદ મુજબ, પોતાના મોટા ભાઈ દિલીપભાઈ વિરજીભાઈ મકવાણા સાથે રહે છે. ગત 19 જૂને રાત્રે પરિવાર સાથે જમતી વખતે કમલેશભાઈએ બે દિવસ અગાઉ થયેલા ઝઘડા અંગે ભાઈને પૂછતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.
દરમિયાન દિલીપભાઈ ગાળો બોલવા લાગ્યા હતા. કમલેશભાઈએ ગાળો નહીં બોલવાનું કહેતાં દિલીપભાઈ વધુ ઉશ્કેરાઈ ગયા હતા અને નજીકમાં પડેલા ચપ્પુથી કમલેશભાઈના ગળા તેમજ ડાબા કાનના બહારના ભાગે હુમલો કર્યો હતો. હુમલામાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.
ઈજાગ્રસ્તની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સ અને પરિવારજનોને જાણ કરતા કમલેશભાઈને ગોત્રી જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડોક્ટરોએ તેમના ગળાના ભાગે 15 અને ડાબા કાન પાસે 3 ટાંકા લીધા હોવાનું જણાવ્યું હતું.
ઘટના અંગે કમલેશભાઈએ પોતાના મોટા ભાઈ દિલીપભાઈ વિરજીભાઈ મકવાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

૪૦થી વધુ જગ્યાઓ માટે યોજાયા ઇન્ટરવ્યુ

વડોદરામાં રોજગાર ભરતીમેળો યોજાયો, ૧૩ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ

યુવાનોને રોજગાર, એપ્રેન્ટિસશિપ અને સ્વરોજગાર અંગે માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હેઠળ કાર્યરત યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુઈબી), વડોદરા દ્વારા 19 જૂને કમાટીબાગ સામે આવેલા કાર્યાલય ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ ભરતીમેળો યોજાયો હતો.
મેળામાં વડોદરાની 6 અગ્રણી કંપનીઓએ ભાગ લીધો હતો. સેલ્સ એક્ઝિક્યુટિવ, પર્ચેઝ એન્જિનિયર, કોસ્ટિંગ એન્જિનિયર, પ્રોડક્શન સુપરવાઈઝર, મિકેનિકલ ડિઝાઇન એન્જિનિયર, કેમિસ્ટ, ડેવલપમેન્ટ મેનેજર, ટ્રેઈની, ફેકલ્ટી અને એપ્રેન્ટિસ સહિત 40થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.
રોજગાર કચેરી દ્વારા આશરે 1,800 ઉમેદવારોને ઈ-મેઈલ, એસએમએસ અને પત્ર મારફતે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. તેમાંમાંથી 40 જેટલા ઉમેદવારોએ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. યોગ્યતા અને લાયકાતના આધારે 13 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલા ઉમેદવારોને રૂ.20 હજારથી રૂ.40 હજાર સુધીના માસિક વેતન પેકેજની ઓફર કરવામાં આવી છે.
ભરતીમેળાના બીજા તબક્કામાં ઉમેદવારોને કારકિર્દી અને રોજગારલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુઈબીના નાયબ વડા અલ્પેશ ચૌહાણ અને કાઉન્સેલર દ્વારા વિદેશમાં શિક્ષણ અને રોજગારીની સુરક્ષિત તકો, એપ્રેન્ટિસ યોજના, પીએમ ઈન્ટર્નશિપ યોજના, સ્વરોજગાર સહાય, સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડઅપ ઇન્ડિયા જેવી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
DGVCL DGVCL
CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

વીજપુરવઠો બંધ રહેવા
આથી અમારા અટાલી સબ-ડિવિઝનના માનનીય વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ૬૬ કે.વી. સબ-સ્ટેશનો ખાતે અગત્યની જાળવણી તથા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તેમાંથી વીજ પુરવઠો મેળવતા નીચે દર્શાવેલ ફીડરોના તમામ ગ્રાહકોને દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. તેથી જાહેર જનતાએ આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી સુવા	૧૧ કેવી કિલબર્ન જ્યોતિગ્રામ	અટાલી	૯૨૧૩૦૧૦૦૧૮	૨૨-૦૬-૨૦૨૬ / સોમવાર	સવારે ૦૯:૦૦ થી બપોરે ૧:૦૦
૨	૬૬ કેવી લુણા	૧૧ કેવી જોલવા જ્યોતિગ્રામ	અટાલી	૯૨૧૩૦૧૦૦૧૮	૨૩-૦૬-૨૦૨૬ /મંગળવાર	સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૫:૦૦
૩	૬૬ કેવી જોલવા	૧૧ કેવી એગ્રીકો ઓદ્યોગીક	અટાલી	૯૨૧૩૦૧૦૦૧૮	૨૪-૦૬-૨૦૨૬ /બુધવાર	સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦
૪	૬૬ કેવી સુવા	૧૧ કેવી મોડેસ્ટ ઓદ્યોગીક, ૧૧ કેવી આરતી ઓદ્યોગીક	અટાલી	૯૨૧૩૦૧૦૦૧૮	૨૫-૦૬-૨૦૨૬ /ગુરુવાર	સવારે ૦૭:૦૦ થી બપોરે ૦૨:૦૦

નોંધઃ સમારકામની કામગીરી દરમિયાન વીજ પુરવઠો નિર્ધારિત સમયગાળા કરતાં વહેલો અથવા મોડો ચાલુ થઈ શકે છે.
સલામતી માટે અપીલ : એમ.સી.બી., ઈ.એલ.સી.બી. તથા આર.સી.સી.બી. જેવા સુરક્ષા ઉપકરણોનો ઉપયોગ કરી વીજ આંચકાથી બચો અને વીજ અકસ્માતો નિવારો.

પારો ૩૭.૬ ડિગ્રી, ભેજનું પ્રમાણ વધતા લોકોએ ઉકળાટનો અનુભવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20
વડોદરા શહેરમાં ગરમીનું જોર યથાવત્ રહ્યું હતું. શહેરનું મહત્તમ તાપમાન 37.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 29.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. ભેજનું પ્રમાણ સવારે 64 ટકા નોંધાયું હતું, જે સાંજે ઘટીને 39 ટકા થઈ ગયું હતું. દિવસ દરમિયાન ગરમી અને બફારાને કારણે નાગરિકો અકળાયા હતા. હવામાન વિભાગ મુજબ આગામી દિવસોમાં પણ તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 21 જૂનથી 25 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ નોંધાઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવા વરસાદની પણ સંભાવના છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને તેલંગાણા તરફથી વિકસેલા ટ્રફના પ્રભાવને કારણે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે. હવામાન નિષ્ણાંતોના અનુમાન મુજબ 23થી 25 જૂન વચ્ચે ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ શકે છે. આ પહેલાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન વરસાદ શરૂ થશે, જેના કારણે વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળશે. જોકે 21થી 23 જૂન દરમિયાન ભેજનું પ્રમાણ વધવાથી લોકોને ગરમી અને ઉકળાટનો પણ અનુભવ થઈ શકે છે. જૂનના અંતિમ સપ્તાહથી બંગાળના ઉપસાગર તરફથી આવતી ભેજના કારણે ગુજરાતમાં વરસાદની ગતિવિધિઓ વધુ મજબૂત બની શકે છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નોંધાશે તો તળાવો, ચેકડેમ અને જળાશયોમાં પાણીની આવક વધશે, જે ખેડૂતો અને પાણીની જરૂરિયાત માટે લાભદાયી સાબિત થશે.

ગીરો કરારના બહાને મકાન માલિક સાથે રૂ.5.50 લાખની છેતરપીંડી

મિલકત પર લોન હોવાની હકીકત છુપાવી રકમ મેળવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20
વડોદરા શહેરના સીટી પોલીસ સ્ટેશનમાં ગીરો કરારના બહાને રૂ. 5.50 લાખની છેતરપીંડી અને ધમકી આપવાના મામલે બે વ્યક્તિઓ સામે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
મળતી માહિતી મુજબ, સીટી વિસ્તારમાં આવેલી જમીલા કોમ્પ્લેક્સમાં રહેતા કમરઅબ્બાસ ઝબરઅબ્બાસ રિઝવીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, નાહીદ અમનસાબ સૈયદ (રહે. તાંદલજા) અને મહેમુદભાઈ હાજીસુલેમાનભાઈ સીધી (રહે. પાણીગેટ)એ તેમની માલિકીની જમીલા કોમ્પ્લેક્સ સ્થિત ત્રીજા માળની મિલકતનો ગીરો કરાર કર્યો હતો.
ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ મિલકત પર અલ્વી કો-ઓપરેટિવ બેંકની લોન ચાલુ હોવાની મહત્વની માહિતી છુપાવી રાખી હતી. ત્યારબાદ ફરિયાદી પાસેથી રૂ. 5.50 લાખ મેળવી લીધા હતા. જોકે, બાદમાં ન તો રકમ પરત કરવામાં આવી અને ન તો લોન અંગેની હકીકત જણાવવામાં આવી હતી.
આરોપીઓ દ્વારા મકાન ખાલી કરવા માટે વારંવાર ધમકીઓ આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. છેતરપીંડીનો ભોગ બન્યાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આર્થિક વ્યવહારો અને કરાર સંબંધિત દસ્તાવેજોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. સીટી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ - કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપટ, ચેન્નઈ-600031.
ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022
સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ
નીચે દર્શાવેલા લોનધારકો અને સહ-લોનધારકોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન મેળવી હતી. નીચે દર્શાવેલા લોનધારકો અને સહ-લોનધારકોની લોન તેમની સંબંધિત મિલકતો ગીરો મૂકીને સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને લોન ખાતું અનિયમિત બન્યું હોવાથી આરબીઆઈ ની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. તેઓના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવવાપાત્ર બાકી રકમ નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર વર્ણવેલ સંબંધિત જારી કરાયેલી નોટિસો મુજબ દર્શાવવામાં આવી છે અને ઉક્ત રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે સંબંધિત તારીખોથી કરારબદ્ધ દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ	લોન ખાતા નં.	લોનનો પ્રકાર	લોનધારકો અને સહ-લોનધારકોના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	78106376	મિલકત સામે લોન	૧. મીનાબેન કોઠિયા ૨. દિગ્વિજયસિંહ ચૌહાણ	30.05.2026	INR 5,28,471.43/-

મિલકતનું સરનામુંઃ ગામતળ મિલકત નં. ૬૪નો તમામ ભાગ અને હિસ્સો, ક્ષેત્રફળ ૧૩૬૪ ચોરસ ફૂટ, મહેલવાળું ફળિયું, ગામઃ સાનોર, તાલુકોઃ ડભોઈ, જિલ્લોઃ વડોદરા, ગુજરાત-૩૯૧૧૦૫, અને જેની ચતુર્દિશાઃ પૂર્વઃ સંદીપસિંહ પ્રદીપસિંહ કોઠિયાનું ઘર, પશ્ચિમઃ જીતેન્દ્રસિંહ ભરતસિંહનું ઘર, ઉત્તરઃ રસ્તો, દક્ષિણઃ વાડો

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર સંબંધિત તારીખોથી તેના પર કરારબદ્ધ વ્યાજના દર અને અન્ય ખર્ચ, ચાર્જીસ વગેરે સાથે, આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર રકમ ચૂકવવા માટે જણાવવામાં આવે છે,તેમ કરવામાં નિષ્ફળ જશો તો અધોસ્વાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની બાકી રકમની વસૂલાત માટે ઉપર દર્શાવેલી ગીરો મિલકતો સામે સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળની કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં ઉક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ તમને ઉક્ત સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/ભાડાપટ્ટા અથવા અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે.
સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
તારીખઃ 21.06.2026 (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન
સ્થળઃ વડોદરા, ગુજરાત થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ)
IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792
નોંધાયેલી ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપટ, ચેન્નાઈ-600031, ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.
પરિશિષ્ટ IV [નિયમ 8(1)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
જેમ કે, અધોસ્વાક્ષરકર્તા 'ધ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)ના અધિકૃત અધિકારી હોવાને નાતે, એક માંગણી નોટિસ તારીખ 28.03.2026ના રોજ જાહેર કરીને લોન લેનાર, સહ-ધિરાણકર્તાઓ અને જામીનદારો 1. સોલંકી વનરાજસિંહ 2. સોલંકી ભાવનાબેનને નોટિસમાં દર્શાવેલી રકમ રૂ. 6,87,685.92/- (રૂપિયા છ લાખ સત્યાસી હજાર છસો પંચ્યાસી અને બાણું પૈસા પૂરા) જે તારીખ 27.03.2026ના રોજ સુધીની થાય છે, તે સદર માંગણી નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવ્યું હતું.
ધિરાણકર્તાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ધિરાણકર્તા અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોસ્વાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા આ કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને આજે 19 જૂન, 2026ના રોજ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને ધિરાણકર્તાઓ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)ના રૂ. 6,87,685.92/- (રૂપિયા છ લાખ સત્યાસી હજાર છસો પંચ્યાસી અને બાણું પૈસા પૂરા)ની રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
ધિરાણકર્તાનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (મિલકત) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.
સ્થાવર મિલકતોનું વર્ણન
ગામતળ જમીનમાં આવેલ પાકા રહેણાંક મકાનનો એ તમામ ભાગ અને હિસ્સો જેનો ગ્રામ મિલકત નં. 104/2 છે, મિલકતનું ક્ષેત્રફળ 960.00 ચોરસ ફૂટ, જે ગામઃ લાતવા, તાલુકોઃ ડેસર, વડોદરા ગુજરાત-391530 ખાતે આવેલ છે અને તેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ જાહેર રસ્તો, પશ્ચિમઃ વાડો, ઉત્તરઃ જાહેર રસ્તો, દક્ષિણઃ સોલંકી લક્ષ્મણસિંહ પર્વતસિંહનું મકાન.
તારીખઃ 19-06-2026 સહી/- અધિકૃત અધિકારી
સ્થળઃ ગુજરાત આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
લોન ખાતા નંઃ 101686150 (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)